# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-02-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાજ્ય પોલીસ વડા : કચ્છ મુલાકાત

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવ આજથી બે દિવસની કચ્છની મુલાકાતે છે. તેઓ જિલ્લાના સરહદી ગામોની મુલાકાત લઇ રહ્યા છે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ અને કચ્છના વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને અભેદ્ય બનાવવાનો છે.

ભુજ પહોંચ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ... ડૉ. કે.એલ.એન. રાવ, રાજ્ય પોલીસ વડા)

દરમિયાન, શ્રી રાવે ભુજ ખાતે ઉચ્ચસ્તરીય ક્રાઈમ કોન્ફરન્સની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં પોલીસ વિભાગ સહિત ભારતીય સેના, BSF, કોસ્ટ ગાર્ડ અને વાયુસેનાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

(બાઈટ... ડૉ. કે.એલ.એન. રાવ, રાજ્ય પોલીસ વડા)

**-------------------------------------------------------------------------------------------**

## રાજ્ય – વિશ્વ માતૃભાષા દિવસ :

રાજ્યભરમાં આજે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરાઇ રહી છે. આ વર્ષે "યુથ વોઈસીસ ઑન મલ્ટીલિંગ્યુઅલ સાયન્સ એજ્યુકેશન" ની વિષયવસ્તુ સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

આ ઉજવણી નિમિત્તે ગુજરાત કાઉન્સિયલ ઑન સાયન્સી ઍન્ડા ટેકનોલોજી - GUJCOST દ્વારા આજે અને આવતીકાલે એમ બે દિવસ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે વિશેષ આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં અંદાજે 200 સહભાગીઓ વર્કશોપ, પેનલ સંવાદો અને સ્પર્ધાઓમાં ભાગ લેશે.

---

## ભુજ : વિશ્વ માતૃભાષા દિવસ :

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અભિનવ વિકાસ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે "માતૃભાષા મહોત્સવ – ૨૦૨૬" અંતર્ગત આજે સવારે શ્રી વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય, હમીરસર તળાવ પાસે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો.ભાગ્યેશ જહાની ઉપસ્થિતિમાં કવિ સંમેલન યોજાયો હતો.

---

## આર.આર.લાલન કોલેજ - કવિ સંમેલન :

આર. આર. લાલન કોલેજ ભુજ ના ઓડિટોરિયમ ખાતે કોલેજના ગુજરાતી વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે માતૃભાષા મહોત્સવ-2026 અંતર્ગત  યોજાયેલા કાવ્યસંગીતના કાર્યક્રમમાં 290 છાત્રો જોડાયા હતા. કલાકારોને પુસ્તક અપાયું હતું. કોલેજના આચાર્ય અને કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી  હતી

---

## મહિલા ટી ૨૦ ક્રિકેટ :

ભારતીય મહિલા ટીમે ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમ ને 17,રને હરાવી ત્રીજી ટી20  મેચ માં ત્રણ મેચની શ્રેણી બે વિરુદ્ધ એક મેચથી જીતી લીધી છે.  એડિલેડ ખાતેની મેચમાં ભારતે 6 વિકેટ ગુમાવી 176 રન કર્યા હતા, જવાબમાં ઓસ્ટ્રેલીયાની ટીમ  9 વિકેટે 159, રન કરતાં 17 રને પરાજય થયો હતો.

---